# વડોદરા મહાનગર પાલિકા

## જાહેરાત ક્રમાંક–૬૧૪/૨૩–૨૪ – એકસ–રે ટેકનીશીયન, વર્ગ–૩

## ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકા જાહેરાત ક્રમાંક–૬૧૪/૨૩–૨૪ થી એકસ–રે ટેકનીશીયન, વર્ગ–૩ સંવર્ગની તા.૧૭–૧૨–૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ લેખિત પરીક્ષામાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટ્સ આધારે પ્રાથમિક તબકકામાં પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોના યાદી અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સંબંધેની ઉમેદવારો માટેની સુચનાઓ નીચે મુજબ છે. જે જોઇ લેવા સંબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

**સૂચનાઓ:**

(૧) પ્રસ્તુત યાદીમાં કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સારૂ પ્રાથમિક તબકકામાં બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) સદર યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની સંખ્યા અને જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ઘ્યાને લઇ ઉમેદવારોની ઉકત પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટ્સ આધારે કેટેગરી પ્રમાણે પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરી પ્રસિદ્ઘ કરવામાં આવશે.

(૩) ઉમેદવાર, સદર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવેશ માટેનો કોઇ હકક દાવો કરી શકશે નહીં.

(૪) અસલ પ્રમાણપત્રોની ચકાસણીમાં ગેરહાજર રહેલ ઉમેદવાર આગળની ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ઠરશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર આ કાર્યક્રમમાં હાજર રહી શકે એમ ના હોય તો તેઓ તેમના વાલીને સંમંતિપત્રક સાથે મોકલી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી શકે છે. આ માટે નિયત નમુનાનું સંમતિ પત્રક વાલી સાથે મોકલવાનું ફરજીયાત છે. (સંમતિ પત્રક સામેલ છે.)

(૬) ઉમેદવારોએ નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે–બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે.

  (૧) વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી ડાઉનલોડ કરેલ કોલલેટર, ૨–પાસપોર્ટ સાઇઝના ફોટા, આઇ.ડી. પ્રુફ

  (૨) જન્મ તારીખના પુરાવા માટે :

  - શાળા છોડયાનો દાખલો/ જન્મનો દાખલો
  - ધોરણ–૧૦ અને ૧૨ નું પ્રમાણપત્ર જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય

(૩) શૈક્ષણિક લાયકાતમાં દર્શાવેલ સ્નાતકની છેલ્લા વર્ષ/સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર.

- માર્કશીટ,ડીગ્રી સર્ટીફીકિટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

(૪) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો

(૭) આર્થિક રીતે નબળા (EWS) વર્ગના ઉમેદવારોએ તા.૨૮–૦૮–૨૦૨૩ ની સ્થિતિએ ત્રણ વર્ષ થયેલ ન હોય તેવું આર્થિક રીતે નબળા (EWS) વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

સ્થળ: વડોદરા
તા.૦૧–૦૩–૨૦૨૪

ડે. મ્યુનિ. કમિશનર
વડોદરા મહાનગરપાલિકા

## વડોદરા મહાનગરપાલિકા

**જાહેરાત ક્રમાંક–૬૧૪/૨૩–૨૪ થી એકસ–રે ટેકનીશીયન, વર્ગ–૩** સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અન્વયે પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત ન રહી શકનાર ઉમેદવારો માટે

## ઉમેદવારનું સંમતિપત્રક

હું, શ્રી ...................................................... સરનામુ:............................ ................................................................................................................ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા બેઠક નં. ................................................. આથી સંમતિ આપું છું કે, ................................................................ કારણોસર (આ અંગેનો પુરાવો આ સાથે સામેલ છે.) પ્રમાણપત્રોની ચકાસણી અને ખાતા પસંદગી કાર્યક્રમમાં રૂબરૂ ઉપસ્થિત રહી શકું તેમ ન હોઇ, મારા વાલી–પિતા/માતા/ભાઇ/બહેન શ્રી .................................................... ઓળખના પુરાવા ................................................. નંબર ...................................... ને પ્રમાણપત્રોની ચકાસણીમાં રૂબરૂ ઉપસ્થિત પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા માટે હું સમંતિ આપું છું.

ઉમેદવારની સહી અને નામ

સ્થળ :
તારીખ:

વાલીની સહી અને નામ

| | |
|---|---|
| **ઉમેદવારનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે.** | **વાલીનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે.** |

| જાહેરાત ક્રમાંક- ૬૧૪/૨૩-૨૪- એક્સ-રે ટેકનીશીયન, વર્ગ- ૦૩ |
|---|
| નીચે જણાવેલ ઉમેદવારોને પ્રાથમિક તબક્કે અસલ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે ઉમેદવારના નામ સામે દર્શાવેલ તારીખ અને સમયે, સ્થળઃ સરદાર વલ્લભભાઇ પટેલ પ્લેનેટોરીયમ , કાલા ઘોડા સર્કલ પાસે, સયાજીબાગ, વડોદરા ખાતે અસલ ફોટો આઇ.ડી. સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ/ જન્મ પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત (સેમેસ્ટર/ વર્ષ વાઇઝ માર્કશીટ અને ડીગ્રી સર્ટીફીકેટ સહીત), જાતિના પ્રમાણપત્ર અને આનુસાંગિક પુરાવા સહ અને કોલલેટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. |
| ખાસ નોંધ - ઉમેદવારે કોલ લેટર અચૂક લાવવાનો રહેશે.<br>કોલ લેટર વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી ડાઉનલોડ કરવાનો રહેશે.<br>**આગળની ભરતી પ્રક્રિયા અંગેની માહિતી સદર વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. જેની જાણ લેશો. ** |

| SR_NO | SEAT_NO | NAME | GENDER | DATE | TIME |
|---|---|---|---|---|---|
| 1 | 043900097 | GAYATRIBEN NATHUSINH BARIYA | FEMALE | 04-03-2024 | 11:00 AM |
| 2 | 043900047 | JAYDEEPSINH DILIPSINH GOHIL | MALE | 04-03-2024 | 11:00 AM |
| 3 | 043900164 | NIRALI CHINTAN BHATT | FEMALE | 04-03-2024 | 11:00 AM |
| 4 | 043900014 | NIKUNJKUMAR BHARATBHAI GOSWAMI | MALE | 04-03-2024 | 11:00 AM |
| 5 | 043900016 | JAYDEEP MOTIBHAI MAHERIYA | MALE | 04-03-2024 | 11:00 AM |
| 6 | 043900149 | BHARGAVKUMAR TRIKAMBHAI BARAIYA | MALE | 04-03-2024 | 11:00 AM |
| 7 | 043900121 | MANSI CHIMANBHAI JAVIYA | FEMALE | 04-03-2024 | 11:00 AM |
| 8 | 043900019 | PRATIBHA VINODBHAI AKABARI | FEMALE | 04-03-2024 | 11:00 AM |
| 9 | 043900053 | LALUBHA BACHUBHA GOHIL | MALE | 04-03-2024 | 11:00 AM |